માણસ વૃદ્ધ થાય છે..
પણ લોભ કદી વૃદ્ધ થતો નથી
- સુદર્શન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૭ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાનું અર્થતંત્ર મંદીની ઝપટમાં

## ક્રેડિટ-ડિપોઝીટ રેસિયામાં ૨ ટકાનો ઘટાડો : બેંકોની ડિપોઝીટસમાં રૂ. ૫૦૦ કરોડનો વિક્રમી ઘટાડો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાનું અર્થતંત્ર મંદીમાં સપડાયુ છે અને જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૨ ટકા જેટલો ભારે ઘટાડો નોંધાયો છે.

જિલ્લાની વિવિધ બેંકોમાં ડિપોઝીટોની રકમમાં રૂ. ૫૦૦ કરોડનો જંગી ઘટાડો ડિસે.અંતિત ત્રિમાસિક ગાળામાં નોંધાયો છે. જયારે નાણાંકીય વર્ષના નવ માસના અંતે પણ ધિરાણલક્ષી કામગીરી ૫૮ ટકા જેટલી જ થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ક્રેડિટ-ડિપોઝીટ રેસિયો જે રીતે ગગડયો છે તે દર્શાવે છે તે જિલ્લાનું અર્થતંત્ર મંદીમાંથી પસાર થઈ રહ્યું છે. સ્વરોજગારી સહાયની યોજનાઓના અમલીકરણ માટેની કડક તાકીદો પછી જિલ્લામાં ૫૦ ટકા જેટલી જ કામગીરી થઈ છે.

જિલ્લામાં જે રીતે બેંકોની ડિપોઝીટ ઘટી રહી છે તે અર્થતંત્ર માટે સારી નિશાની નહિ હોવાનું મનાઈ રહ્યું છે. લોકો ધિરાણ મેળવવા માટે પણ આતુર નથી. વ્યાજદરમાં સતત બદલાવ એ મહત્વનું કારણ હોવાનું બજાર નિષ્ણાતો માની રહ્યા છે.

હાઉસીંગ લોન, શૈક્ષણિક લોનના પણ લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકયા નથી. બીજી તરફ પ્રાથમિક અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં પણ ધિરાણની કામગીરી નબળી રહેવા પામી છે.

તાજેતરમાં જિલ્લાનો ક્રેડિટ પ્લાન નાબાર્ડે રજુ કર્યો ત્યારે ધિરાણ યોજનાઓના અસરકારક અમલીકરણ પર ભાર મુકયો હતો અને કૃષિ ક્ષેત્રે ધિરાણની વ્યાપક શકયતાઓનો અંગુલિ નિર્દેશ કર્યો હતો જે ઉલ્લેખનીય છે. જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર



ઋતુ સૌંદર્ય-પાનખરનું પણ એક અલગ સૌંદર્ય છે... પાકટતાની અભિવ્યક્તિ એટલે પાનખર... અનુભવનું ભાથુ એટલે પાનખર... સ્વનો સર્વમાં વિલય એટલે પાનખર... સ્વેચ્છાએ પદ ત્યાગ કરવો એટલે પાનખર... ટોચ પરથી જમીન પર આવવું એટલે પાનખર... વૃક્ષની આ પારંપારિક પ્રક્રિયા જીવનના અનેક અર્થોમાં સંદેશ આપે છે... 'અમ વિતી તમ વિતશે, ધીરી બાપુડીયા...' કવિના આ શબ્દો પાનખરની પીડા ગણો તો પીડા, પ્રેરણા ગણો તો પ્રેરણા... સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે સમય પરિવર્તનનો સંદેશ આપે છે... સુખ અને દુઃખ ચક્રના બે પાસા છે... એકની વિદાય એ બીજાના આગમનની છડી પોકારે છે... અહીં વૃક્ષ પર પાકી ગયેલા પાન ધરતીને નમન કરી પંચતત્વોમાં વિલય થઈ રહ્યા છે અને નવા પાનને પ્રગટવાનો મોકો આપતા જાય છે.... આ જ સત્ય છે.... (તસવીર : દિપક જાની)

## સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૮૦ પર પહોંચી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવના કેસોની સંખ્યા ૮૦ પર પહોંચી છે. આજે નોંધાયેલા વધુ ૮ કેસમાં ત્રણ નાના ભૂલકાંઓ પણ ઝપટમાં આવતાં આરોગ્ય તંત્ર સહિત સૌની ઉંઘ હરામ થઈ જવા પામી છે.

સઈજ, સુઘડ, વાંસજડાના ભૂલકાઓનો સમાવેશ થાય છે. શહેરના સે-૧૪, સે-૫-એમાં બે નવા કેસ નોંધાયા છે. જિલ્લા તંત્રના સૂત્રો ૧૨ નવા કેસ મળ્યાનું જણાવે છે તો રાજય સરકાર ગાંધીનગરમાં નવા ૧૦ કેસ મળ્યાનું જણાવે છે.

જિલ્લામાં સારવાર હેઠળના બે દર્દીઓના મોત થયાનું સ્ટેટ કંટ્રોલ સત્તાવાળાઓએ જણાવ્યું છે. જેમાં ચડાસણના એક ૫૦ વર્ષીય આધેડનું મૃત્યુ સારવાર દરમિયાન થયું છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા આંતકને પગલે હવે તંત્ર પણ ચોંકી ઉઠયું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે મુખ્ય સચિવશ્રી પાંડિયન, નાયબ નિયામકશ્રી ધોળકિયા પછી આજે જિલ્લા કલેકટર પણ દોડી ગયા હતા.

જિલ્લામાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ૧૧ લાખ લોકોને સર્વેલન્સમાં અત્યાર સુધી આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં સાવચેતી અંગેની જાગૃતિ વધે તે માટે જાહેર સ્થાનો પર હોર્ડિંસ, બેનરો અને પત્રિકાઓનું વિતરણ થઈ રહ્યું છે.

આજે જિલ્લા તંત્ર એ આ રોગચાળા સામેની જાગૃતિ માટેના અભિયાનમાં બાળકોને જોડી અને તેને આગળ ધપાવવાની વ્યુહરચનાના ભાગરૂપે શાળાના આચાર્યો સાથે અલગથી બેઠક કરી હતી. આ ઉપરાંત દરેક તાલુકા અને જિલ્લાના અધિકારીઓને પણ કડક તાકીદ કરી પરિસ્થિતિ પર સતર્કતાથી નજર રાખવા જણાવાયું છે.

## સ્વાઈન ફ્લુની સાવચેતી અંગે શિક્ષણ આપો : કલેક્ટર

### જિલ્લાતંત્રે આળસ ખંખેરી તાબડતોબ સમીક્ષા કરી અને દવાની જરૂરિયાત અંગે રિએસેસમેન્ટ કરવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર યથાવત રહેતાં આરોગ્યતંત્રની મદદમાં હવે જિલ્લાતંત્ર જોડાયું છે. ૮૦ થી વધુ પોઝીટીવ કેસ નોંધાતા આજે જિલ્લાતંત્રે આળશ મરડી અને તાબડતોબ સમીક્ષા હાથ ધરી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે જિલ્લાના આરોગ્ય તેમજ અન્ય અધિકારીઓને સાથે રાખી સમીક્ષા કરી લોક-જાગૃતિ અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો હતો. તેમણે જાહેર સ્થાનો જેવા કે એસ.ટી. બસસ્ટેન્ડ, મહાશાળાઓ, શાળાઓ, ટુરિસ્ટ પોઈંટ વિસ્તારોમાં જન-જાગૃતિ અભિયાન સઘન બનાવવા સૌનો સહયોગ મેળવી આગળ વધવા જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરે સ્વાઈન ફ્લુ અંગે આજે જિલ્લાના અધિકારીઓની તાકીદની બેઠક બોલાવી અને પરિસ્થિતિની સમીક્ષા બાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ સ્વચ્છતા સહિત બધી જ બાબતોને લઈ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં ઓટો ડ્રાયવર, બસ ડ્રાયવર, સફાઈ કામદાર ફરજીયાત માસ્ક પહેરીને જાય તે જોવા સૂચન કર્યુ. જિલ્લામાં હાલ ૬૯ દર્દી સારવાર હેઠળ છે. ૧૨ના મોત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી હજુ પણ કેસ વધી શકે તેવી તેવી સંભાવનાઓ નકારી શકાય નહિ તેથી લોકોમાં જાગૃતિ આવે તેના પર વિશેષ ભાર મુકતાં કલેક્ટરે કહ્યું કે શાળાઓ, મહાશાળાઓ, જાહેર સ્થાનો, ટુરિસ્ટ પોઈંટ વગેરે વિસ્તારોમાં શિક્ષણ આપવાનું કામ કરીએ.

જિલ્લા કલેક્ટરે આરોગ્ય તંત્રને દવાના જથ્થાને લઈ જરૂરિયાતનું એસેસમેન્ટ કરી જે કંઈ જરૂરી હોય તો તાત્કાલિક મંગાવી લેવા જણાવ્યુ. હાલ તો પુરતો જથ્થો ઉપલબ્ધ છે પણ જે રીતે કેસો વધી રહ્યા છે તેને ધ્યાને લઈ આ કામગીરી કરવા કહ્યું.

૪ નગરપાલિકા વિસ્તારોમાં પણ ધ્યાન વધુ કેન્દ્રીત કરી લોક જાગૃતિ પર ભાર મુકતાં તેમણે કહ્યું કે સગર્ભા મહિલા, ડાયાબીટીસ, અસ્થમાથી પિડાતા દર્દીઓ પર તંત્ર ધ્યાન કેન્દ્રીત કરે. આ ઉપરાંત સિનેમા હોલ, એસ.ટી. બસ સ્ટેન્ડ, લોકોની અવર-જવર વાળા વિસ્તારોમાં લોક-જાગૃતિ અભિયાન સઘન બનાવો - માસ્ક પહેરવાની સૂચનાઓ આપો.

આ બેઠકમાં ડીડીઓ, સીડીએચઓ જાગાણી, સીવીલ સુપ્રિ. ડૉ. સૈયદ, અધિક કલેક્ટર મોડિયા, મ્યુનિ. કમિ. શ્રી ચૌધરી, એમ.ઓ.એચ. ડૉ. બારોટ, ઈપીએચઓ ડૉ. જયેશ સોલંકી હાજર રહ્યા હતા.

## આજે જિલ્લા આયોજન મંડળની બેઠક

### જિલ્લાકક્ષાની ગ્રાન્ટમાંથી વિકાસ કામોનું આયોજન ન થઈ શક્યુ : આજે વિકાસની ગતિની સમીક્ષા થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજે મળનાર મહત્વની બેઠકમાં જિલ્લા કક્ષા માટે રૂ. ૧.૫૦ કરોડના વિકાસ કામોનું આયોજન પ્રાપ્ત ન થતાં માત્ર ૫.૭૫ કરોડના વિકાસ કામોને બહાલી આપશે.

જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિન પટેલના અધ્યક્ષપદે આજે સવારે ૧૦ વાગે કલેક્ટર કચેરીમાં જિલ્લા આયોજન મંડળની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૦૦ થી પણ વધુ કામોને આ બેઠકમાં પ્રાથમિક માન્યતા આપવામાં આવશે.

જિલ્લાના અધિકારીઓ સરકારી કાર્યક્રમોમાં વ્યસ્તતાને લઈ જિલ્લા કક્ષાનું આયોજન નહિ થઈ શક્યું હોવાની વાતે પણ ભારે જોર પકડ્યું છે.

જો કે જિલ્લા આયોજન અધિકારી કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ રૂ. ૭.૨૫ કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સામાન્ય કામો માટે રૂ. ૩૦૭ લાખ ખાસ અંગભૂત આયોજન હેઠળ રૂ. ૧૦૫ લાખ, પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે રૂ. ૫૦ લાખ તેમજ ખાસ ભૌગોલિક રીતે પછાત વિસ્તારો માટે રૂ. ૧૩ લાખના કામો મળી ૪.૭૫ કરોડનું આયોજન છે. જ્યારે ચારેય નગરપાલિકા વિસ્તારોમાં રૂ. ૧ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાકક્ષાએથી કામો સૂચવવા માટે રૂ. ૧.૫૦ કરોડની વિશેષ ગ્રાન્ટ સરકાર દ્વારા આપવામાં આવે છે. જેનું આયોજન પંચાયત કલેક્ટર દ્વારા થતું હોય છે.

મળતી વિગતો પ્રમાણે પ્રા. શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રો, પશુ દવાખાના જેવા સાર્વજનિક કામોને વિકાસના કામોમાં અગ્રતા આપવામાં આવે છે.

પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલની સૂચના પછી સી.સી. રોડના કામો ઓછી સંખ્યામાં મંજૂર કરવામાં આવી રહ્યા છે. જિલ્લા કક્ષાનું

● અનુસંધાન પાન-૭ પર

ભાવભીની શ્રધ્ધાંજલી



શેઠ સ્વ. ચંદ્રકાન્તભાઈ કેશવલાલ સુખડિયા
(ચક્ષુદાતા)
રાધેશરણ : તા.૧૫-૨-૨૦૧૫
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટ

વટવૃક્ષ જેવા વિશાળ રાધે પરિવારમાંથી આપે વિદાય લીધી,
જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી સૌને સમૃધ્ધ અને અખંડ બનાવ્યા,
ચંદન જેવું જીવન જીવીને પરિવાર તથા સમસ્ત સુખડિયા સમાજના
ઉત્તમ માર્ગદર્શક અને પ્રેરણાદાયી બની રહ્યા.

આપની વસમી વિદાયથી ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને દરેક સભ્યશ્રીઓ
ખુબ જ ઊંડા દુઃખની લાગણી અનુભવે છે. શ્રી રાધારાણી આપના
દિવ્ય આત્માને નીજ ચરણમાં સ્થાન આપે તેવી પ્રાર્થના.

મંત્રીશ્રી
અલ્કેશભાઈ દિલીપભાઈ સુખડિયા

પ્રમુખશ્રી
હસમુખભાઈ રસીકલાલ સુખડિયા

ટ્રસ્ટીશ્રીઓ
અશોકભાઈ અંબાલાલ સુખડિયા
પરમાનંદભાઈ બંસીલાલ સુખડિયા
પ્રવિણભાઈ રસીકલાલ સુખડિયા
કૌશિકભાઈ બાબુલાલ સુખડિયા
જીતેન્દ્રભાઈ જીવણલાલ સુખડિયા
લાલભાઈ મગનલાલ સુખડિયા
હસમુખભાઈ અંબાલાલ સુખડિયા
ચંદ્રકાન્તભાઈ વિઠ્ઠલદાસ સુખડિયા
જગદીશચંદ્ર કાન્તીલાલ સુખડિયા
દિલીપભાઈ નટવરલાલ સુખડિયા
વસંતભાઈ કાન્તીલાલ સુખડિયા

ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટ - ગાંધીનગર

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬



૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે,
શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)